ત્વરિત જાહેરાત માટે

# વરિષ્ઠોને મદદ કરવા માટે સિટી ઓફ બ્રૅમ્પટન રજૂ કરે છે એક નવી ઓનલાઈન ડિરેક્ટરી

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (21 એપ્રિલ 2022) – સિટી ઓફ બ્રૅમ્પટને એક નવું ઓનલાઈન સંસાધનનું લોકાર્પણ કર્યું છે જેથી બ્રૅમ્પટનના વરિષ્ઠો માટે મૈત્રીપૂર્ણ વિઝનનો વિકાસ થઈ શકે અને સમુદાયના સંબંધોને બળ આપી શકાય. નવી વરિષ્ઠ નાગરિક સંસાધન ડિરેક્ટરી એક ઓનલાઇન ટૂલ છે જે વરિષ્ઠો અન સંભાળ પ્રદાતાઓ માટે સંસાધનો અને સેવાઓને સુલભ બનાવવામાં મદદરૂપ થશે.

ડિરેક્ટરીમાં ઉપલબ્ધ કેટલાક સંસાધનોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- હોમ અને સામાજિક સહયોગ
- પરિવહન
- અરોગ્ય અને સુખાકારી
- નાણાકીય અને સુલભતા સહયોગ
- માનસિક સ્વાસ્થ્ય
- નવઆગંતુક સહયોગ

માર્ચ 2021 માં, સિટી ઓફ બ્રૅમ્પટન વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના વય-મૈત્રીપૂર્ણ શહેરો અને સમુદાયો માટેના વૈશ્વિક નેટવર્કનું સભ્ય બન્યું. નેટવર્કના સભ્યો WHO ના વય-મૈત્રીપૂર્ણ અભિગમના મૂલ્યો અને સિદ્ધાંતોની આપલે કરે છે અને પ્રોત્સાહન આપે છે, વય-મૈત્રીપૂર્ણ વાતાવરણ બનાવવા માટે પ્રતિબદ્ધ છે અને નેટવર્કમાં સક્રિયપણે ભાગ લેવા માટે સહમત થાય છે.

વરિષ્ઠોની સંસાધન ડિરેક્ટરી સામાજિક સહભાગિતાને પ્રોત્સાહિત કરીને, સામાજિક અળગાપણાને ઓળખીને માહિતી અને સંચાર માટે સંસાધનો પ્રદાન કરીને બ્રૅમ્પટનની વયોવૃદ્ધ વસ્તીને મદદ કરે છે, તમામ આઇટમોની રૂપરેખા બ્રૅમ્પટનની વય-મૈત્રીપૂર્ણ સ્ટ્રેટેજી એન્ડ એક્શન પ્લાન.

ડિરેક્ટરીને સફળ બનાવવા માટે ભારત સરકારના ન્યૂ હોરાઈઝન્સ ફોર સિનિયર્સ પ્રોગ્રામ તરફથી અનુદાન નીધિયનમાં સિટી ઓફ બ્રૅમ્પટનને $20,575 પ્રાપ્ત થયા.

વરિષ્ઠોની નવી સંસાધન ડિરેક્ટરી, ઉપલબ્ધ હોય તે સપોર્ટ સેવાઓ અને મુખ્ય સમુદાય ટચપોઇન્ટ્સ પર માહિતી મેળવવાનું સરળતાથી સુલભ બનાવશે, બ્રૅમ્પટનના વરિષ્ઠ લોકો માટે જોડાણો અને સામાજિક જોડાણના અવસરોના પુનઃનિર્માણ માટે મદદ કરશે કારણ કે સમુદાય હજું પણ COVID-19 મહામારીમાંથી રિકવર થઈ રહ્યા છે.

વરિષ્ઠોની નવી સંસાધન ડિરેક્ટરી વિશે વધુ માહિતી માટે મુલાકાત લો brampton.ca/agefriendly

ડિરેક્ટરીમાં મળેલી કોઈપણ માહિતી માટે વૈકલ્પિક ફોર્મેટની આવશ્યકતા ધરાવતા રહેવાસીઓ agefriendly@brampton.caને ઈમેલ મોકલી શકે છે

**સુવાક્યો**

"2006માં, બ્રૅમ્પટન 65 અને તેથી વધુ વયના આશરે 34,000 લોકોનું આશ્રયસ્થાન હતું. 2016 સુધીમાં, તે સંખ્યા વધીને 66,000 થી વધુ થઈ ગઈ. આપણી પાસે બ્રૅમ્પટનમાં એવા અદ્દભુત વરિષ્ઠ નાગરિકો છે જેમના યોગદાન આપણા શહેરને મજબૂત બનાવતા રહે છે. સિટી ઓફ બ્રૅમ્પટન સમુદાય સાથે જોડાવા અને આપણા વરિષ્ઠ લોકોના જીવનને સુધારવા માટે પ્રતિબદ્ધ છે. વરિષ્ઠોની નવી સંસાધન ડિરેક્ટરી આપણી વયોવૃદ્ધ વસ્તીને ટૂલ્સ પ્રદાન કરશે જેની તેમને મહત્ત્વના જોડાણો બનાવવા માટે અને વિકાસ માટે આવશ્યક છે.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

બ્રૅમ્પટન એક સ્વાસ્થ્યપ્રદ અને સુરક્ષિત શહેર છે; એવું શહેર જ્યાં આપણા વરિષ્ઠ લોકોનો આદર થાય છે અને તેમને સહયોગ સાંપડે છે અને જે સમાજમાં સક્રિય ભૂમિકા ભજવે છે. વ્યાપક સામુદાયિક જોડાણ દ્વારા, અમે અમારા વરિષ્ઠોને બ્રૅમ્પટન-વિશિષ્ટ માહિતી પ્રદાન કરવા માટે વરિષ્ઠ સંસાધનની નવી ડિરેક્ટરી બનાવી છે કારણ કે અમે દરેકજણ માટે પ્રગતિશીલ બ્રૅમ્પટન ઊભું કરવાનું ચાલુ રાખ્યું છે."

- *માર્ટિન મેડિરોસ (Martin Medeiros), રિજનલ કાઉન્સિલર, વૉર્ડ 3 & 4 પ્રમુખ, પ્લાનિંગ એન્ડ ડેવેલપમેન્ટ, સિટી ઓફ બ્રૅમ્પટન*

"2006 અને 2016 વચ્ચે, બ્રૅમ્પટનની વરિષ્ઠ લોકોની વસ્તી 196 ટકા જેટલી વધી અને હજું તેમ થવું ચાલુ છે. સિટી ઓફ બ્રૅમ્પટન એક વય-મૈત્રીપૂર્ણ શહેર બનાવવા અને આપણી વૃદ્ધ વસ્તીને તેમના વરિષ્ઠ વર્ષોમાં વિકાસ માટે જરૂરી સાધનો અને સંસાધનો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે."

- *પૉલ મોરિસન (Paul Morrison), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર , સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca